Received on/- 09/05/2022
Registered on/- 09/05/2022
Decided on/- 15/04/2026
Duration D- M- Y-

सत्यमेव जयते

**ના. સુપ્રીમ કોર્ટના SUO MOTO Writ (Cri) No. (s) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179A અન્વયેના નોટીફીકેશન નબર: સી–૨૦૦–૯૩, તા. ૨૦/૫/૨૦૨૨ ના ઠરોલ પ્રફોર્મા મુજબ.**

**FORM-A**

==========================================================================

# અરવલ્લીના મે. એડી. સેસન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ:– મોડાસા.

==========================================================================

સુનિલ મનહરભાઈ કામદાર,
એડી. સેસન્સ જજ,
અરવલ્લી@ મોડાસા.
ચુકાદાની તારીખ:–૧૫/૦૪/૨૦૨૬

સેસન્સ કેસ નંબર:–૩૮/૨૦૨૨
(ઈસરી પોલીસ સ્ટેશન ગુ.ર. નં:– ૧૧૧૮૮૦૦૫૨૧૦૩૬૯/૨૦૨૧
ઈ. પી. કો. ની કલમ:– ૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪
તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫)

આંક:–

## એફ. આઈ. આર.ની વિગતો/ ગુના અને પોલીસ સ્ટેશન::–

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તરફે વિ.એ.જી.પી.શ્રી | જે.ડી.પંચાલ |
| આરોપી | (૧) ધવલભાઈ સોમાભાઈ રબારી (દેસાઈ)<br>(૨) દશરથભાઈ કલાભાઈ ઉર્ફે કાળાભાઈ રબારી<br>(૩) રાજુભાઈ પ્રતાપભાઈ રબારી<br>(૪) ચિરાગભાઈ કલાભાઈ રબારી (દેસાઈ)<br>તમામ રહે. મહુડી, તા.મેઘરજ, જી.અરવલ્લી |
| આરોપી તરફે વિ.વકીલશ્રી | એમ.જે.રબારી |

# FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ:– | ૨૪/૧૧/૨૦૨૧ |
| એફ.આઈ. આરની તારીખ:– | ૨૪/૧૧/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૦૯/૦૫/૨૦૨૨ |
| ચાર્જ ફરમાવ્યા તારીખ | ૨૨/૦૯/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૨/૦૬/૨૦૨૩ |
| હુકમ માટે રાખવામાં આવેલ તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| હુકમ તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | –– |

## Accused Details:

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત કર્યા તારીખ | ગુનો | નિદોર્ષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોની કઃ–૪૨૮ મુજબ કાચા કામ તરીકે સમય ગાળાની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધવલભાઈસોમાભાઈરબારી | ૨૯/૧૧/૨૦૨૧ | ૦૬/૧૨/૨૦૨૧ | ઈ. પી. કો. ની કલમ:–૩૦૭, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | આખરી હુકમ મુજબ | – | – |
| ૨ | દશરથભાઈ કલાભાઈઉર્ફે કાળાભાઈરબારી | ૨૯/૧૧/૨૦૨૧ | ૦૬/૧૨/૨૦૨૧ | ઈ. પી. કો. ની કલમ:–૩૦૭, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | આખરી હુકમ મુજબ | – | – |
| ૩ | રાજુભાઈપ્રતાપભાઈરબારી | ૨૯/૧૧/૨૦૨૧ | ૦૬/૧૨/૨૦૨૧ | ઈ. પી. કો. ની કલમ:–૩૦૭, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | આખરી હુકમ મુજબ | – | – |
| ૪ | ચિરાગભાઈ કલાભાઈરબારી (દેસાઈ) | ૨૯/૧૧/૨૦૨૧ | ૦૬/૧૨/૨૦૨૧ | ઈ. પી. કો. ની કલમ:–૩૦૭, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની | આખરી હુકમ મુજબ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ-૧૩૫ | | | |

# FORM-C

**ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ:-**

**(એ) ફરીયાદ પક્ષ તરફે:-**

**-:: ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવો::-**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | અશોકભાઈ નાથાભાઈ રબારી | ફરીયાદી | ૧૮ |
| ૨ | જગદીશભાઈ નાથાભાઈ રબારી | સાહેદ | ૨૧ |
| ૩ | ચેહરબેન નાથાભાઈ રબારી | સાહેદ | ૨૩ |
| ૪ | પ્રવિણભાઈ દેવકરણભાઈ રબારી | પંચ | ૨૯ |
| ૫ | સહદેવભાઈ જયમાલભાઈ દેસાઈ | પંચ | ૩૮ |
| ૬ | મણીલાલ ગવાભાઈ ગામેતી | પંચ | ૩૯ |
| ૭ | હવસીભાઈ કલાભાઈ રબારી | સાહેદ | ૪૪ |
| ૮ | રમેશભાઈ કલાભાઈ રબારી | સાહેદ | ૪૫ |
| ૯ | ડો.પ્રિતમ ભરતભાઈ મહેશ્વરી | તબીબી સાહેદ | ૪૬ |
| ૧૦ | જસપાલસિંહ પરતબસિંહ ઝાલા | પંચ | ૪૯ |
| ૧૧ | ડો.પ્રશાંત બાબુલાલ રાઠોડ | તબીબી સાહેદ | ૫૦ |
| ૧૨ | સાગરભાઈ બબાભાઈ રબારી | સાહેદ | ૫૩ |
| ૧૩ | રામાભાઈ વિઠ્ઠલભાઈ રબારી | સાહેદ | ૫૪ |
| ૧૪ | ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈ રબારી | સાહેદ | ૫૫ |
| ૧૫ | વિનોદકુમાર વિરજીભાઈ પટેલ | ત.ક.અમલદાર | ૬૦ |

**(બી) બચાવ પક્ષ તરફે:-**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**(સી) કોર્ટ સાહેદો તરફે:-**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૯ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૨૪ |
| ૩ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામુ | ૩૦ |
| ૪ | મુદ્દામાલ પાવતીઓ | ૩૧,૩૨ |
| ૫ | મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૩૩ |
| ૬ | મુદ્દામાલ પાવતીઓ | ૩૪ થી ૩૭ |
| ૭ | ઈજા પામનારે પહેરેલ કપડાનું પંચનામુ | ૪૦ |
| ૮ | મુદ્દામાલ પાવતીઓ | ૪૧ થી ૪૩ |
| ૯ | ઈજાનું તબીબી પ્રમાણપત્ર | ૪૭ |
| ૧૦ | સારવાર સર્ટીફીકેટ મેળવવા બાબતની યાદી | ૪૮ |
| ૧૧ | ઈજાનું તબીબી પ્રમાણપત્ર | ૫૧ |
| ૧૨ | સારવાર સર્ટીફીકેટ મેળવવા બાબતની યાદી | ૫૨ |
| ૧૩ | સુચિપત્ર | ૬૧ |
| ૧૪ | મામલતદારશ્રીને ડી.ડી. લેવા કરેલ યાદી | ૬૨ |
| ૧૫ | સારવાર સર્ટીફીકેટ મેળવવા બાબતની યાદી | ૬૩ |
| ૧૬ | મુદ્દામાલ રવાનગીપત્રક | ૬૪ |
| ૧૭ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૬૫ |
| ૧૮ | એફ.એસ.એલ.અધિકારીએ પી.આઈ.ને કરેલ યાદી | ૬૯ |
| ૧૯ | બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૭૦ |
| | સીરોલોજી પૃથ્થકરણના પરીણામો | ૭૧ |

**બચાવ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

## મુદ્દામાલની વિગત::–

મુદ્દામાલ પાવતી નં.:–૮૬/૨૦૨૧

| અ. નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | લોહીના ડાઘાવાળી કાંકરાવાળી માટી આશરે ૧૦૦ ગ્રામ જેટલી એક પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |
| | ૨ | કંટ્રોલ સેમ્પલ કાંકરાવાળી માટી આશરે ૧૦૦ ગ્રામ જેટલી પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકી જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |

મુદ્દામાલ પાવતી નં.:–૮૭/૨૦૨૧

| અ. નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક આછા સફેદ આસમાની સફેદ ટપકાવાળું આખી બાયનું જુનું મેલું બુશર્ટ જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |
| | ૨ | એક કાળા કલરનું કોટન જીન્સ પેન્ટ જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |

મુદ્દામાલ પાવતી નં.:–૮૮/૨૦૨૧

| અ. નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક લોખંડના હાથામાં ફીટ કરેલું ધારીયું જેના હાથાની લંબાઈ બે ફુટ તથા ધારીયાની લંબાઈ દસ ઈંચની છે તે ધારીયું સફેદ કાપડની થેલીમાં સીલ બંધ છે તે |
| | ૨ | એક વાંસની સાત ગાંઠાવાળી ચાર ફુટ સાડા આઠ ઈંચ લંબાઈની લાકડી જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |
| | ૩ | એક વાંસની પાંચ ગાંઠાવાળી લાકડી જેની લંબાઈ ચાર ફુટ ચાર ઈંચની છે જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |
| | ૪ | એક વાંસની સાત ગાંઠાવાળી લાકડી જેની લંબાઈ સાત ફુટ અગીયાર ઈંચની છે જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |

મુદ્દામાલ પાવતી નં.:–૮૯/૨૦૨૧

| અ. નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક આછા ભુખરા કલરનું આખી બાયનું ટોપીવાળુ આગળના ભાગે ચેઈનવાળું જુનું મેલું જેની આગળના તથા પાછળના ભાગે ALLEN PATH TO SUCCESS લખેલ છે તે સ્વેટર જે સફેદ કાપડની |

| | | |
|---|---|---|
| | | થેલીમાં સીલબંધ છે તે |
| | ૨ | એક આછા કાળા જેવા કલરનું જુનું મેલું પેન્ટ જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |
| | ૩ | એક આછા પીળા કાળી વાદળી ચોકડીની ભાતવાળો જુનો મેલો ટુવાલ (રૂમાલ) જે સફેદ કાપડની થેલીમાં સીલબંધ છે તે |

## ::: ઠ રા વ :::

**(૧)** આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમઃ- ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના સબબ કાર્યવાહી ચાલી રહેલ છે.

**(૨)** આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૪/૧૧/૨૦૨૧ નારોજ કલાક ૧૯/૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન મોજે મહુડી ગામે આ કામના ઈજા પામનાર સાહેદ જગદીશભાઈ નાથાભાઈ રબારીનાએ અગાઉ આ કામના આરોપી નં.૧ નાને કહેલ કે જોધાભાઈ કલાભાઈ રબારીનાને આપણે ગામ બહાર મુકેલ હોય અને તમો તેને કેમ લોકચારામાં લઈ ગયેલ હતા તેમ કહેલ હતુ તેનું ઉપરાણું લઈને આ કામના સાહેદ જગદીશભાઈનાઓ પોતાના ઘરે ગાયોનું દુધ કાઢતા હતા તે વખતે સાહેદ જગદીશભાઈને મારી નાખવાના ઈરાદે આરોપી નં. ૧ નાએ માથામાં ધારીયું મારી તથા આરોપી નં.૨ થી ૪ નાઓએ સાહેદ જગદીશભાઈને જમણા હાથે તેમજ પીઠ પાછળના ભાગે તથા ખભાના ભાગે લાકડીઓથી માર મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે.જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરેલ હોવા મુજબની ફરીયાદ ઈસરી પોલીસ સ્ટેશનમાં જાહેર કરવામાં આવતા, ફરીયાદની હાલની ફરીયાદ દાખલ કરી અને તપાસ કરનારને હાલના બનાવની તપાસ સોંપવામાં આવતા, તપાસ કરનાર અધિકારીશ્રીએ જરૂરી તપાસ કરી, આરોપીઓની અટક કરી, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમઃ- ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો બનતો હોવાનું જણાઈઆવતા, ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૩) ત.ક. અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટનું સંજ્ઞાન લઈ, વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ– ૨૦૪ અન્વયે આરોપીઓ સામે સમન્સ કરવાનો હુકમ કરવામાં આવતા, આરોપીઓની સામે હાલના ગુના સબબ સમન્સ કરવામાં આવેલ. જે આ કામના આરોપીઓને ધોરણસર બજી જતા, આરોપીઓ ના.કોર્ટ સમક્ષ હાજર રહેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ– ૨૦૭ અન્વયે ચાર્જશીટ લગત તમામ કાગળોની વિનામુલ્યે નકલો પુરી પાડવામાં આવેલ છે તેમજ આ કામે આક્ષેપીત ગુનાનો પ્રકાર ધ્યાને લેતા આક્ષેપીત ગુનો સેસન્સ અદાલત ચલાવી શકે તે પ્રકારનો હોય, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ– ૨૦૯ અન્વયે સદર કેસ કમીટ કરવામાં આવેલ છે.

(૪) વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા કમીટ કરવામાં આવેલ કેસ અત્રેની અદાલતમાં સેસન્સ કેસ તરીકે સ્વીકારેલ છે તથા આરોપીઓને સમન્સ બજતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર રહેલ છે તેમજ આરોપીઓ સામે હાલના ગુના સબબ ચાર્જ આંકઃ–૦૪ થી ફરમાવવામાં આવેલ છે, જે અનુસંધાને આરોપીઓના નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરતા, આરોપીઓ સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ ફોર્મ– સી માં જણાવ્યા મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષે વિશેષ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમઃ– ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ તમામ આક્ષેપીત પુરાવાનો ઈન્કાર કરી, પોતે નિર્દોષ હોવાનો બચાવ રજુ કરેલ છે. પરંતુ પોતાના બચાવમાં જાતે જુબાની આપવાનું કે, બચાવમાં સાક્ષી તપાસવાનું પસંદ કરેલ નથી. ત્યારબાદ હાલના કેસની કાર્યવાહી બંને પક્ષે દલીલ માટે રાખવામાં આવેલ.

(૭) ફરીયાદપક્ષે વિ. એડી. પી. પી. શ્રી જે.ડી.પંચાલ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૦૭, ૩૨૩, ૫૦૪,

૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે આ કામે ફરીયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલના બનાવમાં જયારે ફરીયાદી તેમની બા સાથે હાલના આરોપીઓ સામે અરજી કરવા માટે ગયેલા ત્યારે હવસીભાઈના ફોન દવારા તેઓએ જાણેલ કે જગદીશભાઈને માર મારેલ છે જેથી તેઓ તેમના ઘરે ગયેલા અને જોયેલ તો આ જગદીશભાઈ લોહીલુહાણ હાલતમાં પડેલા હતા અને જગદીશભાઈએ તેમને જણાવેલ કે ધવલભાઈએ તેમને માથામાં ધારીયુ મારેલ છે જયારે અન્ય આરોપીઓ દવારા તેમને લાકડી થી ઈજા કરેલ છે જે બાબતે તેઓએ ફરીયાદ આપેલી. આમ, હાલના ફરીયાદીની જુબાની ધ્યાને લેતા આ કામના આરોપીઓ દવારા ઈજા પામનારને જાનથી મારી નાખવાના ઈરાદે વ્યથા પહોંચાડેલ હોવાનું પુરવાર થાય છે. જે અનુસંધાને ફરીયાદપક્ષે તપાસવામા આવેલ તબીબી અધિકારીશ્રી પ્રિતમભાઈ મહેશ્વરીની આંક–૪૬ ની જુબાની ધ્યાને લેવામાં આવે તો આ કામના ઈજા પામનારને માથાના પાછળના ભાગમાં ૭×૧×૦.૫ સે.મી.નો ઘા જણાયેલ જયારે ખભાના ભાગે બેઠો માર જણાયેલ. ત્યારે ફરીયાદીની જુબાની તથા સારવાર સર્ટીફીકેટ ધ્યાને લેવામાં આવે તો આ કામના ઈજા પામનારને માથા જેવા માર્મિક ભાગ ઉપર ગંભીર પ્રકારની ઈજાઓ જણાયેલ છે તેમજ અન્ય તબીબી અધિકારી ડો.પ્રશાંત રાઠોડની આકં–૫૦ વાળી જુબાની જોવામાં આવે તો તેમાં પણ ધારીયુ, લાકડી અને ગડદા પાટુના મારથી ઈજા પામનારને માથામાં ૧૧×૧.૫× હાડકા સુધીનો ઘા જણાયેલ તેમજ ખભા અને થાપા અને હાથના પંજાના ભાગમાં ઈજા જણાયેલ છે. તેમજ આ કામે તપાસવામા આવેલ તપાસ કરનાર અધિકારીશ્રી. વી.વી.પટેલની જુબાની જોવામાં આવે તો તેઓ પણ તપાસ કરી રહેલ હતા ત્યારે આરોપી સામે પુરતા પુરાવા જણાય આવેલ હોવાની હકીકતને સમર્થન આપી રહેલ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરેલ છે અને આ કામના ઈજા પામનારને જાનથી મારી નાખવાના ઈરાદા સાથે વ્યથા કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોય તેમને મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૮) ત્યારબાદ આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ.જે.રબારી ધ્વારા પોતાના બચાવમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે હાલના આરોપીઓ સામે જાનથી મારી નાખવાના ઈરાદા સાથે ઈજાઓ પહોંચાડેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે ત્યારે આ

કામના ફરીયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલનો બનાવ બનેલ તે વખતે તે બનાવવાળી જગ્યાએ હાજર ન હતા અને સમગ્ર બનાવ તેમણે માત્ર વાતોવાતથી સાંભળેલ છે. ત્યારે તેમની ઉલટ તપાસના આધારે એવી પણ હકીકત પુરવાર થાય છે કે આરોપી ધવલ છેલ્લા ૧૦ વર્ષથી ગામમા રહેતો નથી અને ફરીયાદી સાથે ઘણા લાંબા સમયથી તેમને મનદુ:ખ ચાલી રહેલ છે. ત્યારે આ કામના ફરીયાદીને આ પ્રકારની વચમનસ્યતા હોવાના કારણે ખોટી ફરીયાદ આપે તે સ્વાભાવીક છે પરંતુ સમગ્ર બનાવ જોતા હાલના બનાવમાં જગદીશભાઈ એ પોતે ઈજા પામનાર છે અને બનાવ સમયે ચોકકસ શું ઘટના બનેલ તે બાબતે અતિ મહત્વના અને એકમાત્ર સાહેદ છે.ત્યારે ફરીયાદપક્ષે રજુ કરેલ સાહેદ જગદીશભાઈ નાથાભાઈ રબારીની આંક-૨૧ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમાં તેઓ સ્પષ્ટપણે એવી હકીકત જણાવી રહેલ છે કે તેઓ જયારે ગાયનું દુધ કાઢતા હતા ત્યારે તેઓને ચકકર આવતા તેઓ પડી ગયેલ અને તેમને ઈજાઓ થયેલ. આમ, ખુદ ઈજા પામનાર દવાર તેમને પહોચેલી ઈજાઓ હાલના આરોપીઓ દવારા જ તેમને જાનથી મારી નાખવાના ઈરાદા સાથે પહોંચાડવામાં આવેલ હતી તેવો કોઈ પુરાવો રજુ કરી રહેલ નથી. ત્યારે આવા મહત્વના સાહેદના પુરાવાના આધારે જયારે ગુનો પુરવાર થતો ન હોય ત્યારે માત્ર હિયરસે સાહેદના પુરાવા આધારે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર માની શકાય નહી તેમજ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ અન્ય સાહેદ ચેહરબેન રબારીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ પણ એવી હકીકત જણાવી રહેલ છે કે ઈજા પામનાર ગાયનું દુધ કાઢતા હતા ત્યારે ચકકર આવી જતા તે પડી ગયેલ અને તેમાં તેમને ઈજા થયેલી. ત્યારે ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવાના આધારે આરોપીને નિર્દોષ જણાતો પુરાવો મળી આવેલ હોય ત્યારે આરોપીના હિતમાં જે અભિગમ હોય તે અપનાવવો જોઈએ અને ફરીયાદપક્ષે પોતાનો આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરેલ હોય તેવું જણાતુ ન હોય ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૯) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદા નં-૧ શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૪/૧૧/૨૦૨૧ નારોજ કલાક ૧૯/૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન મોજે મહુડી ગામે આ કામના ઈજા પામનાર સાહેદ જગદીશભાઈ નાથાભાઈ

રબારીનાએ અગાઉ આ કામના આરોપી નં.૧ નાને કહેલ કે જોધાભાઈ કલાભાઈ રબારીનાને આપણે ગામ બહાર મુકેલ હોય અને તમો તેને કેમ લોકચારામાં લઈ ગયેલ હતા તેમ કહેલ હતુ તેનું ઉપરાણું લઈને આ કામના સાહેદ જગદીશભાઈનાઓ પોતાના ઘરે ગાયોનું દુધ કાઢતા હતા તે વખતે સાહેદ જગદીશભાઈને મારી નાખવાના ઈરાદે આરોપી નં.૧ નાએ માથામાં ધારીયું મારી તથા આરોપી નં.૨ થી ૪ નાઓએ સાહેદ જગદીશભાઈને જમણા હાથે તેમજ પીઠ પાછળના ભાગે તથા ખભાના ભાગે લાકડીઓથી માર મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે.જીલ્લા મેજી.સા.ના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

મુદા નં–૨ શું હુકમ?

(૧૦) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં–૧ નકારમાં.

મુદા નં–૨ આખરી હુકમ પ્રમાણે.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે:–

– :: <u>કારણો</u> :: –

**<u>મુદા નં–૧</u>**

(૧૧) આ કામે ફરીયાદપક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ સૌ પ્રથમ આ કામના ફરીયાદી **અશોકભાઈ નાથાભાઈ રબારી**નાઓને આંકઃ– ૧૮ થી તપસાવામાં આવેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે,તા.૨૪/૧૧/૨૦૨૧ ના રોજ સાંજે છ વાગે હુ અને મારી મા ઈસરી પોલીસ સ્ટેશને ગયેલા કારણ કે, મારી બા જોડે ધવલભાઈ સોમાભાઈ,

દશરથભાઈ કાળાભાઈ, ચિરાગભાઈ કાળાભાઈ, રાજુભાઈ વિગેરેનાઓએ તકરાર કરેલી, તે માટે અરજી આપવા ગયેલા. ત્યારબાદ મારા ગામના હવસીભાઈ કલાભાઈનો ફોન આવેલો અને તેમણે ફોનમાં અમને જણાવેલ કે,''તારા ભાઈ જગદીશભાઈને માર મારેલો છે.'' આ ફોન હુ અને મારી માતા ઈસરી પોલીસ સ્ટેશનથી નીકળી સરકારી દવાખાના પાસે પહોચેલા ત્યારે આવેલો. અમો બંને અમારા ઘરે આવીને જોયેલ તો જગદીશભાઈ લોહીલુહાણ હાલતમાં પડેલો હતો. જેથી જગદીશને પુછતા તેણે જણાવેલ કે, ''ધવલભાઈએ મને માથામાં ધારીયુ મારેલુ છે અને બીજા ત્રણ જણા ચિરાગભાઈ કલાભાઈ, દશરથભાઈ કલાભાઈ, રાજુભાઈ કલાભાઈએ જમણા હાથે તથા પીઠના ભાગે લાકડી મારી ઈજા કરેલી છે અને ધમકી આપેલ કે, આજે ગામના માણસો આવી ગયા છે, હવે જાનથી મારી નાખીશુ.'' ત્યારબાદ જગદીશભાઈને સારવાર માટે ઈસરી સરકારી દવાખાને રમેશભાઈ, હવસીભાઈ, રામાભાઈ મંગાભાઈ,સાગરભાઈ બબાભાઈ વિગેરેનાઓ લઈ ગયેલા. ત્યાથી જગદીશને મોડાસા દવાખાને સારવાર માટે લઈ ગયેલા. હુ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા ગયેલો અને મે ફરીયાદ આપેલી.તેઓ આંક–૧૯ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે અને સાહેદ હાજર આરોપી દશરથભાઈને જોઈને ઓળખી બતાવે છે અને આજરોજ ગેરહાજર રહેલ આરોપીઓની ઓળખ અંગે તકરાર નથી તેવુ આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા જાહેર કરવામાં આવેલ છે.

(૧૨) ત્યારબાદ આરોપી ધ્વારા પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે,એ વાત ખરી છે કે ધવલભાઈ મારા કાકાના દિકરા થાય છે. એ વાત ખરી નથી કે, અમો પાદર મહુડી ગામના નથી. એ વાત ખરી છે કે, ધવલભાઈ છેલ્લા દસ વર્ષથી અમારા ગામમાં રહેતા નથી. એ વાત ખરી છે કે, અમારે આરોપીઓ સાથે છેલ્લા દસ વર્ષથી મનદુખ ચાલે છે. એ વાત ખરી નથી કે, અમારે આરોપીઓ સાથે જમીનનો ઝગડો ચાલે છે. એ વાત ખરી નથી કે, આરોપીઓના ભાગે આવેલ જમીન અમોએ વેચી નાખેલી. એ વાત ખરી નથી કે, ધવલભાઈએ તેમની જમીનની કીમતના રૂપીયા માગતા અમોએ નહી આપતા અને તેઓને મારતા તેઓ ગામ છોડીને વડનગર જતા રહેલા. એ વાત ખરી છે કે, ધવલભાઈનુ મકાન અમારા ગામમાં આવેલુ છે અને તે પડી જાય તેવી સ્થિતીમાં છે.

એ વાત ખરી નથી કે, બનાવ વખતે ધવલભાઈ તેમનુ મકાન રીપેરીંગ કરવા માટે અમારા ગામમાં આવેલા, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ઝગડો કરવા માટે આવેલા. એ વાત ખરી નથી કે,બનાવના દિવસે સવારે મે તથા મારી માતાએ અમારા ગામમાં કેમ આવેલ છે તેવુ કહી ધવલભાઈ સાથે ઝગડો કરેલો અને હુ અને મારી માતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા. મારા ભાઈ દિનેશભાઈની પત્ની શાન્તાબેનને કનુભાઈ જોધાભાઈ લઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, કનુભાઈ અને તેના પિતાને અમારા ગામના પ્રસંગમાં બોલવતા નથી. એ વાત ખરી નથી કે, ધવલભાઈ તેમનુ ઘર રીપેર કરવા માટે ઘરમાં ગયેલા, જે અમને નહી ગમતા અમોએ ઝગડો કરેલો. એ વાત ખરી નથી કે, જગદીશભાઈને દવાખાને લઈ જનાર પાંચેય વ્યકિતઓને ધવલભાઈ સાથે બનતુ નથી. હવસીભાઈનો ફોન જે નંબર પરથી આવેલો તે નંબર મને હાલ યાદ નથી. તેઓએ મારા મોબાઈલ નં.૯૦૧૬૯૯૩૭૩૩ પર ફોન કરેલો.

આમ, આ કામે હાલના ફરીયાદીની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારક પુરાવો આપી એવી હકીકત જણાવી રહેલ છે કે તેઓ જયારે હાલના આરોપીઓ સામે અન્ય બનાવની ફરીયાદ કરવા સારૂ ઈસરી પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે હવસીભાઈ નામના વ્યકિતએ તેઓને ફોન કરી હાલના બનાવની જાણ આપેલ. જે આધારે તેઓએ હાલની ફરીયાદ આપેલ છે. ત્યારે હાલના સાહેદની જુબાની આધારે જે હકીકત ફલીત થાય છે તે મુજબ ફરીયાદીના ભાઈ જગદીશભાઈને હાલના આરોપીઓ ધ્વારા માર મારવામાં આવેલ છે. પરંતુ હાલના કામે જયારે હાલના ફરીયાદી ખુદ સાહેદ બનાવવાળી જગ્યાએ હાજર ન હોય અને માત્ર ટેલીફોન આધારે મળેલ માહીતી આધારે હાલની ફરીયાદ આપેલ. ત્યારે હાલના બનાવમાં વાસ્તવીક રીતે શું બનાવ અને કેવી રીતે બનેલ અને તેમાં કયા કયા આરોપીઓ ધ્વારા કેવી રીતે ઈજાઓ કરેલ અને આ બનાવમાં આરોપીઓનો ઈરાદો શું હતો તે બાબતે ખુદ ઈજા પામનારની જુબાની અતિ મહત્વની બની જાય છે.

(૧૩) તે મુજબ હાલના બનાવમાં ચોકકસ શું બનાવ બનેલ તે બાબતેની હકીકતો પુરવાર કરવા સારૂ ફરીયાદ પક્ષે આ કામના ઈજા પામનાર સાહેદ **જગદીશભાઈ નાથાભાઈ રબારી** નાઓને આંક:–૨૧ થી તપસાવામાં આવેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ

છે કે,બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો.બનાવના દિવસે હુ સાંજના છએક વાગ્યે મારા ઘરે ગાયનુ દુધ કાઢતો હતો ત્યારે મને અચાનક ચકકર આવી ગયેલા અને હુ પડી ગયેલો તેથી માથાના આગળના ભાગે કોકરેટવાળી જમીન તેમાંથી વાગેલી.મને ઈજા થતા ઈસરી સરકારી દવાખાને મે દવા કરાવેલી અને વધુ સારવાર માટે મોડાસા સાર્વજનીક હોસ્પીટલ લઈ ગયેલા.બનાવની ફરીયાદ મારા ભાઈ અશોકભાઈએ આરોપીઓ વિરુધ્ધ આપેલી. આમ, હાલના સાહેદ પોતાની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ કરતા ન હોય ફરીયાદપક્ષે તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કરેલ છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરેલ હોવા છતાં આ કામના આરોપી ધ્વારા જીવ લેવાના ઈરાદા સાથે હાલની ઈજાઓ કરેલ હોવા બાબતેની આક્ષેપિત હકીકતને સમર્થનકારક કોઈ પુરાવો મેળવી શકેલ નથી.

(૧૪) ત્યારબાદ આરોપી ધ્વારા પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે,એ વાત ખરી છે કે એક આરોપી મારા બનેવી છે અને બીજા મારા કાકાના દીકરા છે.એ વાત ખરી છે કે અમારે બં ને પક્ષોને સામાજીક તકરાર ચાલતી હતી તેથી દસેક વર્ષથી બોલતા ન હતા.એ વાત ખરી છે કે બનાવના દિવસે હુ ગાય દોહતો હતો ત્યારે ગાયે પાટુ મારતા પડી જવાથી મને ઈજા થયેલી.એ વાત ખરી છે કે મને આરોપીઓએ લાકડી મારી ઈજા કરેલી હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે મારા ભાઈએ જુની અદાવતના કારણે ફરીયાદ કરેલી.

આમ, આ કામે હાલના સાહેદ કે જેઓની સાથે હાલનો આક્ષેપીત ગુનો બનેલ અને આ બનાવમાં એક માત્ર ઈજા પામનાર સાહેદ જેઓની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, તેઓ જયારે સાંજના છએક વાગ્યે ગાયનું દુધ કાઢતા હતા અને તેમાં અચાનક ચકકર આવી જતા તેઓ પડી ગયેલ અને તેમાં તેઓને આક્ષેપીત ગુનાની ઈજાઓ થયેલી. ત્યારે આ કામે હાલના ખુદ ઈજા પામના રધ્વારા એવો પુરાવો રજુ કરવામાં આવી રહેલ હોય કે તેઓને થયેલી ઈજાઓ તેમને ચકકર આવતા પકોકરેટવાળી જમીનમાં પડી જવાથી માથાના આગળના ભાગે ઈજાઓ થયેલી. ત્યારે હાલના આરોપી ધ્વારા જ તેમને જાનથી મારી નાખવાના ઈરાદા સાથે માર્મીક ભાગમાં કોઈ જીવલેણ ઈજાઓ પહોચાડવામાં આવેલ હોવા બાબતે કોઈ સમર્થનકારક પુરાવો

જણાઈ આવતો નથી. ત્યારે હાલના સાહેદની જુબાની આધારે આરોપી ધ્વારા જ આક્ષેપીત ગુનો કરેલ હોવા બાબતે લેશમાત્ર સમર્થન મળી રહેતું નથી.

(૧૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ સાહેદ **ચેહરબેન નાથાભાઈ રબારી** નાઓને આંક:–૨૩ થી તપસાવામાં આવેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે,બનાવ આજથી ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે હુ બહારગામ ગયેલ હતી અને સાંજે હુ ઘરે આવી મને જાણવા મળેલ કે મારો દિકરો જગદીશ ઘરે ગાયનુ દુધ કાઢતો હતો ત્યારે તેને પથ્થર વાગી ગયેલો અને તેથી અચાનક ચકકર આવી ગયેલા અને તે પડી ગયેલો તેથી માથાના આગળના ભાગે કોંકરીટવાળી જમીન તેમાં થી વાગેલી. મારા દિકરાને ઈજા થતા દવા કરાવેલી અને વધુ સારવાર માટે મોડાસા સાર્વજનીક હોસ્પીટલ લઈ ગયેલા.બનાવની ફરીયાદ મારા દિકરાએ શકના આધારે આરોપીઓ વિરુધ્ધ આપેલી અને પોલીસે મારી પુછપરછ કરેલી અને મારો જવાબ લીધેલો.

(૧૬) ત્યારબાદ આરોપી ધ્વારા પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે અમારે બંને પક્ષોને સામાજીક તકરાર ચાલતી હતી તેથી દસેક વર્ષથી બોલતા ન હતા અને અદાવત ચાલે છે. એ વાત ખરી છે કે આરોપીઓ છેલ્લા ૧૦ વર્ષથી ગામમાં રહેતા નથી. એ વાત ખરી છે કે બનાવના દિવસે મારો દિકરો ગાય દોહતો હતો ત્યારે ગાયે પાટુ મારતા પડી જવાથી રોડ ઉપરના પથ્થર વાગતા ઈજા થયેલી. એ વાત ખરી છે કે મને આરોપીઓએ લાકડી કે ધારીયુ મારી ઈજા કરેલી હોય તેવુ બનેલ નથી.ત્યારે હાલના સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલના સાહેદ પણ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા તેમજ આ બનાવ તેઓ ધ્વારા પણ નજરોનજર જોવામાં આવેલ હોવા બાબતેની કોઈ હકીકત જણાવી રહેલ નથી. તેમ છતાં તેઓ ધ્વારા જે માહીતી જાણેલ તે મુજબ આ કામના ઈજા પામનાર ન ગાયો દુધ નીકાળતી વખતે પડી જવાથી કોકરીટવાળી જમીનમાં પડી જવાથી માથાના ભાગે ઈજાઓ થયેલ હોવાની હકીકતને સમર્થન આપી રહેલ છે. અલબત આ કામે તેઓને વિમુખ સાહેદ જાહેર કર્યા બાદ

પણ આરોપી ધ્વારા આક્ષેપીત ગુનો કરેલ હોવા બાબતે લેશમાત્ર હકીકતને સમર્થન મળી રહેલ નથી.

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે તબીબી સાહેદ **ડો.પ્રિતમ ભરતભાઈ મહેશ્વરીનાઓને** આંક:-૪૬ થી તપસાવામાં આવેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, અમો સને ૨૦૨૧ ની સાલમા સાર્વજનીક હોસ્પીટલમા ઓર્થો.સર્જન તરીકે નોકરી કરતો હતો તે સમયે તા. ૨૪/૧૧/૨૦૨૧ ના રોજ રાત્રેના કલાક ૯ વાગ્યાની આસપાસ દર્દી નામે જગદીશભાઈ નાથાભાઈ રબારી નાઓ આવેલા. જેમને પુછતા એવુ જણાવેલ કે, તેમને તા.૨૪/૧૧/૨૧ ના રોજ સાંજના કલાક ૫:૩૦ વાગ્યાની આસપાસ સામેવાળી પાર્ટી ધ્વારા માર મારવામા આવેલ હતો. દર્દીએ પ્રાથમીક સારવાર ઈસરી સી.એચ.સી. પર લીધેલ હતી. તેઓએ જયારે દર્દીને તપાસેલ ત્યારે તેઓને માથાના પાછળના ભાગમા ૭×૧×.૦.૫ સેમી નો હતો, જમણા ખભાના ભાગમા બેઠો માર હતો. દર્દીને માથના પાછળના ભાગમા ટાંકા લીધા અને તા.૨૫/૧૧/૨૧ ના રોજ તેમને સાર્વજનીક હોસ્પીટલ મોડાસા માંથી રજા આપવામા આવી. તેમ જણાવી આંક:- ૪૭ વાળા પ્રમાણપત્રમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેમજ આ ઈજાઓ કેવી રીતે સંભવી શકે તે બાબતે પોતાનો અભિપ્રાય આપતા તેઓ જણાવી રહેલ છે કે, આવી ઈજાઓ લાકડી અને ધારીયાથી થઈ શકે તેવી ઈજાઓ હતી.

(૧૮) ત્યારબાદ આરોપી ધ્વારા પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે,એ વાત ખરી છે કે મારી સમક્ષ જયારે દર્દી આવ્યા ત્યારે આ ઈજાઓ તેમને કોના ધ્વારા કરવામા આવેલ તે વ્યકિતઓનુ નામ આપવામા આવેલ નથી. એ વાત ખરી છે કે દર્દી પ્રથમ ઈસરી સારવાર લઈને આવેલ. તે વખતે તેઓ રીફર ચીઠ્ઠી લઈને આવેલ હતા. એ વાત ખરી છે કે રીફર ચીઠ્ઠીમા કોઈ ઈજાઓનુ વર્ણન નથી. એ વાત ખરી છે કે ઈજા નં.૧ છુંદાયેલો કપાયેલો ઘા હતો. એ વાત ખરી નથી કે જો સીધુ ધારીયુ મારવામા આવે તો આવી ઈજા સંભવી શકે નહી. એ વાત ખરી નથી કે માથાના પાછળના ભાગે ઓકસીપીટલ ન કહેવાય. એ વાત ખરી છે કે બ્રુઝ માર્ક એટલે લીસોટો થાય. એ વાત ખરી છે કે મે જે ભાગના એકસરે લીધેલ તે જગ્યાએ કોઈ ઈજા થયેલ ન હોવા છતા મે એકસ-રે લીધેલ છે. એ વાત ખરી નથી કે દર્દી ને

તે જ દિવસે રજા આપવામા આવેલી. જો દર્દી અગાઉ કોઈ જગ્યાએ સારવાર લઈને આવેલ હોય તો  મારી સમક્ષ ઈજાની સંખ્યામા ફેરફાર થઈ શકે. એ વાત ખરી છે કે દર્દીને થયેલી અગાઉની વધારે ઈજા મારી જોડે આવવાથી ઓછી ન થઈ શકે. એ વાત ખરી છે કે જો કોઈ વ્યકિત ગાય દોહવા બેઠેલ હોય અને જો ગાય માથામા લાત મારે અને પડી જાય તો આવી ઈજાઓ સંભવી શકે.

(૧૯) ત્યારબાદ ફરીયાદપક્ષે તબીબી સાહેદ **ડો.પ્રશાંત બાબુલાલ રાઠોડનાઓને** આંક:–૫૦ થી તપસાવામાં આવેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, સને – ૨૦૨૧ ની સાલમા હુ ઈસરી સી.એચ.સી. મા નોકરી કરતો હતો તે દરમ્યાન તા.૨૪/૧૧/૨૧ ના રોજ સાંજના ૬:૫૦ વાગ્યે દર્દી નામે જગદીશભાઈ નાથાભાઈ રબારી નાઓ સારવાર અર્થે આવતા તેઓએ તેઓની મેડીકલ હીસ્ટ્રીમા જણાવેલ કે, તે જ દિવસે સાંજે છ વાગ્યે તેમના ઘરે કામ કરતા હતા તે વખતે ધારીયુ, લાકડી અને ગડદા પાટુ વડે માર મારવામા આવેલ છે તેમ જણાવેલ. તેઓએ ઈજા પામનારની તપાસ કરતા તેઓને માથાના બંને  પરાઈટલ ભાગમા આગળની બાજુએ ૧૧ સેમી×૧.૫ સેમી× માથાના હાડકા સુધીનો ઉંડો કન્યુઝ લેસીરેટેડ ઘા જણાયેલ, જમણા ખભાના સાંધાએ ૭×૪ સેમીનો લાલશ કલરનો ઉઝરડો જણાયેલ, જમણા થાપાના ભાગે અને જમણી સાથળની આગળની અને બહારની બાજુએ ઘણા બધા અલગ અલગ સાઈઝના લાલશ કલરના ઉઝરડા જણાયેલ, જમણા હાથના પંજાના પાછળના ભાગે ૩×૨×૧ સેમી નો સોજો જણાયેલ. તેમજ તેઓના અભિપ્રાય મુજબ આ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે. તેમ જણાવી આંક:– ૫૧ વાળા પ્રમાણપત્રમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.  તેમજ  આ દર્દીને થયેલ ઈજાઓ લાકડી તથા ધારીયાથી થઈ શકે તેવી હતી.

(૨૦) ત્યારબાદ આરોપી ધ્વારા પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે દર્દીએ મારી સમક્ષ આ ઈજાઓ કેટલા સમય પહેલા થયેલ તે જણાવેલ નહી. આ ઈજાઓ સામાન્ય હતી કે કેમ તે વધુ સારવાર થાય ત્યા સુધી કહી શકાય નહી. બંને પેરાઈટલ એટલે કાનની ઉપર ના ભાગે ટેમ્પોરલ આવે અને તેની ઉપર પરાઈટલ ભાગ આવે. દર્દીને એક જ ઈજા બં

ને ભાગને સ્પર્શે તેવી હતી. એ વાત ખરી છે કે જો કોઈ વ્યકિત ગાય દોહવા માટે બેઠેલ હોય અને ગાય લાત મારે અને પડી જાય તો સંભવી શકે તેવી હતી.

આમ, આ કામે ઉપરોકત બંને તબીબી સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ આ કામના ઈજા પામનારને માથાના ભાગે ઈજાઓ અને અન્ય ઈજાઓ હોવાની હકીકતને સમર્થન આપી રહેલ છે. પરંતુ જયારે આરોપી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ તેમાં તેઓ એ બાબતને પણ સમર્થન આપી રહેલ છે કે, જો ગાય લાત મારે અને પડી જાય તો પણ આ પ્રકારની ઈજાઓ સંભવી શકે તેમ છે. ત્યારે આ કામે ખુદ ઈજા પામનાર તથા સાહેદ અને તબીબી અધિકારીશ્રીઓના અભિપ્રાયને સંયુકત રીતે ધ્યાને લેવામાં આવે એવી હકીકત પુરવાર થાય છે કે, આ કામના ઈજા પામનાર જયારે ગાયો દોહતા હતા તે વખતે તેઓને ગાય ધ્વારા લાત મારતા ચકકર આવતા પડી જવાથી કોકરેટની જમીન પર અથડાઈ જવાથી આવી ઈજાઓ થવા પામેલ છે.

**(૨૧)** આમ, આ કામના હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમઃ- ૩૦૭ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે ફરીયાદ પક્ષે સૌ પ્રથમ એવી હકીકત પુરવાર કરવાની રહે છે કે, આ કામના આરોપીઓનો ઈરાદો આ કામના ઈજા પામનારને જાનથી મારી નાખવાનો હતો, તેમજ આ ઈરાદા સાથે તેઓએ ઈજા પામનારને આક્ષેપીત ઈજાઓ પહોચાડવામાં આવેલ હતી. ત્યારે આ કામે ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના આરોપીઓ ધ્વારા આ ઈજાઓ પહોચાડવામાં આવેલ હોવાની હકીકત જ નિઃશંકપણે પુરવાર થઈ શકેલ નથી. ત્યારે આ કામે હાલના આરોપીઓ ધ્વારા આક્ષેપીત ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ નીવડતા હોવાનું મારૂ નમ્રપણે માનવું હોય. ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમઃ- ૩૦૭, ૩૨૩, ૧૧૪ અન્વયે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોવાનું મારૂ નમ્રપણે માનવું છે.

**(૨૨)** આ કામે આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૫૦૪ મુજબનું તહોમત છે. ભારતીય ફોજદારી ધારાની કલમઃ- ૫૦૪ ની વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની તુલનાત્મક ચર્ચા કરતાં પહેલા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી જરૂરી સમજુ છું. ભારતીય

ફોજદારી ધારાની કલમ–૫૦૪ વંચાણે લેવામાં આવે તો ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસે તેવું સંભવ હોવાનું જાણવા છતાં કોઈપણ વ્યકિત ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને તેવી ઉશ્કેરણીનું કારણ આપે તો તેઓએ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ મુજબનો ગુનો કરેલ કહેવાય. આ કામમાં રજુ થયેલ ફરીયાદમાં આરોપીઓ ઘ્વારા ગાળો આપવામાં આવેલ હોવાની હકીકત રજુ કરવામાં આવેલ છે. પરંતું ફરીયાદીકે ઈજા પામનારની જુબાની વંચાણે લેતા કોઈપણ જગ્યાએ ફરીયાદી કે સાહેદોનું અપમાન થાય તેવા કોઈ શબ્દો કે સાહેદો ઉશ્કેરાઈ જઈ સુલેહશાંતિનો ભંગ કરી બેસે કે કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી કોઈ શબ્દો આરોપીઓ ઘ્વારા બોલવામાં આવેલાનું રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદમાં કે ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં આરોપીઓ કેવા પ્રકારની ગાળો બોલતા તે શબ્દો કે કયાં આરોપી ઘ્વારા ગાળો આપવામાં આવેલ તે પણ જણાવેલ નથી.ત્યારે એ નકકી થઈ શકતું નથી કે આરોપીઓ ઘ્વારા બોલવામાં આવેલા શબ્દો એવા પ્રકારના હતા કે જેનાથી કોઈ વ્યકિતનું અપમાન થાય,કે ઉશ્કેરાટ થાય,કે કોઈ ગુનો કરી બેસે,કે જાહેર સુલેહશાંતિનો ભંગ થાય તેવું કૃત્ય કરી બેસે. માત્ર ભુંડી ગાળો આપવામાં આવેલ તેટલું કહેવાથી ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ નો ગુનો બને છે તેવું કહી શકાય નહી. આ કલમની વ્યાખ્યા પ્રમાણે ગુનો ત્યારે જ બને કે, જયારે બોલાયેલા શબ્દોના કારણે સામી વ્યકિતનું અપમાન થાય અને તે કોઈ ગુનો કરવા ઉશ્કેરાય અથવા જાહેર સુલેહશાંતિનો ભંગ કરવા ઉશ્કેરાય અથવા તેવા શબ્દોના કારણે સરેરાશ વ્યકિત ઉશ્કેરાયને શાંતિનો ભંગ કરી બેસે તેવી સંભવિતતા જણાતી હોય આમ સદર ગુનો સાબિત કરવા માટે માત્ર ગાળો આપવી તે મહત્વનું ગણાય નહી. પરંતુ કયાં સંજોગોમાં કયાં કારણે કે કયાં શબ્દોથી વ્યકિતનું અપમાન થાય અને તે ઉશ્કેરાય જાય તે હકીકતનો વિષય છે.અને તે ઉચ્ચારવામાં આવેલા શબ્દો ઉપરથી જ નકકી થઈ શકે. જયારે હાલના કેસમાં કયાં આરોપી ઘ્વારા કયા શબ્દો બોલવામાં આવેલા તે રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે તે શબ્દો સામાન્ય વ્યકિતીનું અપમાન કરી તેને ઉશ્કેરે તેવા હતા કે કેમ તે નકકી થઈ શકતું નથી.તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ઘ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪, ૧૧૪ મુજબનું તહોમત સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં ફરીયાદ પક્ષે આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું તહોમત છે. જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ – કલમ:–૫૦૬(૨) તથા તેની સાથે કલમ – ૫૦૩ વંચાણે લેવામાં આવે તો, ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬ (૨) વંચાણે લેવામાં આવે તો '' *જો ધમકી મૃત્યું નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા સાત વર્ષ મુદૃત સુધીની કેદની શિક્ષાનેપાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારીત્રયહિનતાનું આળ મુકવાનું હોય* '' આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાની વંચાણે લેવામાં આવે તો આરોપી ધ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે ફરીયાદી કે સાહેદો કાર્યો કરવા માટે કાયદેસર અધિકૃત ન હોય તેવુ કૃત્ય કરવા બિકના કારણે કરવા ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનું સદરહું ફરીયાદી કે સાહેદોને કાયદેસરની ફરજ હતી તેવું કૃત્ય આરોપી ની ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ ગુના કરવામાં આરોપીએ એકબીજાને મદદગારી કરેલાનું પણ ફલીત થયેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ મુજબ ના. ગુજરાત હાઈ કોર્ટ ધ્વારા ***Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192*** ના ચુકાદામાં હાલના ગુના સબબ પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ કોઈ ભયસુચક પરીસ્થીતી ફરિયાદીને જણાઈ આવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી. ત્યારે હાલના સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ:–૫૦૬ (૨), ૧૧૪ મુજબનું તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨૩) ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ જી.પી.એ.કલમ:–૧૩૫(૧) મુજબનું તહોમત મુકેલ છે, ત્યારે ફરીયાદપક્ષે એ હકીકત નિશંકપણે સાબીત કરવી પડે તેમાં બનાવ સમયે જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હતું અને આરોપીઓ બનાવ સમયે ધારીયુ તથા લાકડી વિગેરે હથીયારો ધારણ કરી આવેલા હતા. જે અન્વયે આ કામે ફરીયાદપક્ષે તપાસાયેલ ઈજા પામનારની જુબાની વંચાણે લેતા બનાવ સમયે આરોપી ધ્વારા કોઈ હથીયાર ધારણ કરી આવેલ હોય કે તે બાબતે તપાસ દરમ્યાન પણ કોઈ પંચનામાની વિગતે આરોપીઓ હથીયાર ધારણ કરેલ હોય અને તે રીકવર કરવામાં આવેલ

હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. પરંતુ ફરીયાદ પક્ષે સૌ પ્રથમ એવી હકીકત પુરવાર કરવાની રહે છે કે, બનાવ સમયે જીલ્લા મેજી. શ્રી નું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હતું. પરંતુ આવું કોઈ જાહેરનામું હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. ત્યારે ફરીયાદપક્ષે બનાવ સમયે આવુ જાહેરનામું અમલમાં હતું કે કેમ? તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય, ત્યારે આવા મહત્વના પુરાવાના અભાવે આરોપી સામેનો હથીયારબંધીના જાહેરનામાના ભંગનો બદલ આરોપીઓને ગુજરાત પોલીસ એકટની કલમ:– ૧૩૫, સાથે વાંચતા ૧૧૪ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી . ત્યારે હાલનો આક્ષેપ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેતા હોવાનું મારૂ નમ્રપણે માનવું છે.

**(૨૪)** ત્યારે ફરીયાદપક્ષે આરોપી સામેનું તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોવાનું મારૂ નમ્રપણે માનવું હોય, મુદ્દા નંબર:– ૧ નો જવાબ '' નકારમાં '' આપી, મુદ્દા નં બર:– ૨ અન્વયે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: <u>હુ ક મ</u> :–

1. આથી આ કામ આરોપીઓ: **(૧) ધવલભાઈ સોમાભાઈ રબારી (દેસાઈ), (૨) દશરથભાઈ કલાભાઈ ઉર્ફે કાળાભાઈ રબારી,(૩) રાજુભાઈ પ્રતાપભાઈ રબારી તથા (૪) ચિરાગભાઈ કલાભાઈ રબારી (દેસાઈ)** તમામ રહે. મહુડી, તા.મેઘરજ, જી.અરવલ્લીનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ:–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આરોપીઓના જામીન ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા માટે રૂા. ૨૫,૦૦૦/– ( પચ્ચીસ

હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસ સુધીના સમયગાળાના આપવાનો હુકમ કરવામાં આવે છે.

3. આ કામના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૫ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૫–૦૪–૨૦૨૬.
સ્થળ :મોડાસા.

**(સુનિલ મનહરભાઈ કામદાર)**
એડીશ્નલ સેશન્સ જજ
અરવલ્લી @ મોડાસા
GJ 00984.

J.B.RATHOD